# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૦ ❖ ફાલ્ગુન પૂર્ણિમા ❖ ૩ માર્ચ, ૨૦૦૭ ❖ વર્ષ - ૭ ❖ અંક - ૧૨ ❖ સળંગ અંક - ૮૪


## ધમ્મવાણી

तुम्हेहि किच्चं आतप्पं, अक्खातारो तथागता ।
पटिपन्ना पमोक्खन्ति, झायिनो मारबन्धना ॥
धम्मपद – २७६

તપવાનું કાર્ય (પુરુષાર્થ) તારે જ કરવાનું છે, તથાગત તો કેવળ માર્ગ દેખાડનારા છે. આ માર્ગ પર આરૂઢ થઈને ધ્યાન કરનારા માર-બંધનથી મુક્ત થઈ જાય છે.

## કામ સ્વયં કરવું પડશે

(ઝી-ટીવી પર ચુંમાળીસ કડીઓમાં પ્રસારિત પૂજ્ય ગુરુજીના પ્રવચનોની સાતમી કડી)

કોઈ તપોભૂમિમાં જઈને વિપશ્યના શીખનારે આ વાત બહુ સારી રીતે સમજી લેવાની હોય છે કે પહેલું ડગલું જે ઊપાડી રહ્યો છે તે પોતાના શ્વાસના બારામાં જે સચ્ચાઈ છે, એને સાક્ષીભાવથી, તટસ્થભાવથી જાણવાનું કામ કરી રહ્યા છીએ. એની સાથે ક્યાંક ભૂલથી પણ કોઈ શબ્દ ન જોડાઈ જાય. ચિત્તને એકાગ્ર કરવું હોય તો કોઈ પણ શબ્દને વારંવાર, વારંવાર બેવડાવતાં- બેવડાવતાં મન એકદમ સમાહિત થઈ જશે. સારું પણ લાગશે- શાંત થઈ ગયું, પણ ભીતર વિકારોનો સંગ્રહ એમનો એમ જ ભભૂકી રહ્યો છે. આ સુષુપ્ત જ્વાળામુખી ક્યારેક તો વિસ્ફોટિત થશે અને એ જ પ્રકારે આપણે વિકારગ્રસ્ત થઈ જઈશું, એ જ પ્રકારે દુઃખોમાં ગૂંચવાવા લાગીશું. જેને જડમૂળથી પોતાના વિકાર કાઢવા છે, એણે કોઈ શબ્દનો પ્રયોગ કરવાનો નથી. અન્ય પ્રકારની સાધનાઓમાં શબ્દનો પોતાનો લાભ છે, પણ મૂળ સુધી જઈને વિકાર કાઢવામાં એનો કોઈ ઉપયોગ નથી, બલ્કે એ બાધક પણ થઈ શકે છે.

ચિત્ત જ એકાગ્ર કરવું હોય તો કોઈ શબ્દને બેવડાવતાં જઈએ, બેવડાવતાં જઈએ, જેમ મા પોતાના બાળકને હાલરડું ગાઈને સૂવડાવવા ઈચ્છે છે- 'સૂઈ જા મારા બાળ, સૂઈ જા મારા બાળ' વારંવાર, વારંવાર બેવડાવે છે. એ બાળક ખરેખર સૂઈ જાય છે. એવી જ રીતે આપણા મનને આપણે કોઈ શબ્દ (રૂપી) હાલરડું દેવાનું શરૂ કરીશું તો હાલરડું સાંભળતાં સાંભળતાં એના પર જ એકાગ્ર તો થઈ જશે, પણ આ શબ્દ આપણને આગળ વધવામાં, પોતાના બારામાં સચ્ચાઈની શોધ કરવામાં બાધક બની ગયો. શબ્દોની સાધનામાં અનુભવ સ્વયં કરવાને કારણે આ નડતરને હું ખૂબ સમજું છું, અન્ય લોકોને પણ જે બાધાઓ આવી છે એમના અનુભવ સાંભળું છું, તો આ વાત વધુ પુષ્ટ થાય છે. આપણે ત્યાંના એક મહાન સંત, સંત કબીર કહે છે, આ જ વાત - શબ્દનો સહારો લેતાં લેતાં ભીતરથી એક ગૂંજ જાગવા લાગે છે જેને 'અજપા જાપ' કહેતાં. ગૂંજનો એક તાર બંધાઈ ગયો. અરે, એ તાર જ બાધક બની ગયો. ભીતરના અંતરિક્ષની શોધ કરવી છે, જેથી શરીર અને ચિત્તની પારની એ અવસ્થાનો સાક્ષાત્કાર થઈ જાય, જે પરમ સત્યની અવસ્થા છે. તો સંત કહે છે કે અરે એ તાણો હતો, જે દોરો હતો એ જ બાધક બની ગયો. તો કહે છે-

तागा टूटा, नभ में विनसगा, सबद जु कहां समायी रे !

આ જે એક તાર હતો, એ પણ તૂટી ગયો. એ તાર પણ નથી રહી શકતો એ અંતરિક્ષમાં. શબ્દ તો એનાથી બહુ સ્થૂળ છે, ક્યાંથી રહેશે ? સમજવું જોઈએ- આપણે કોઈ એવું માધ્યમ, કોઈ એવું આલંબન નહીં પકડી લેવું જોઈએ કે જે આગળ જઈને આપણા માટે બાધક બની જાય. આપણે એક વૈજ્ઞાનિકની જેમ પોતાના શરીર અને ચિત્તસ્કંધના બારામાં જે સચ્ચાઈ છે અને આ બંનેનો જે પારસ્પરિક સંબંધ છે, એના બારામાં વિકારોની ઉત્પત્તિના બારામાં, વિકારોના સંવર્ધનના બારામાં અને એના નિકાલના બારામાં જે વાતો આપણે પોતાની અનુભૂતિથી જાણવી છે, એમાં આ બધું ક્યાંય બાધક ન બની જાય. જેવું છે, એવું છે બસ એટલું જ જાણીએ. જેવું છે, એવું છે તો આગળ આગળ વધતાં જઈશું. શ્વાસનો સંબંધ આપણા શરીર સાથે પણ છે, શ્વાસનો સંબંધ આપણા ચિત્ત સાથે પણ છે. આ બંનેના બારામાં સચ્ચાઈઓ પ્રગટ થતી જશે, પ્રગટ થતી જશે.

આરંભિક કઠણાઈઓ હશે જ. ચિત્તને કેવળ એકાગ્ર કરવાનું હોત તો આ કઠણાઈઓથી બચી જાત. પણ આપણે ચિત્તના ઊંડાણમાંથી વિકારોનો નિકાલ કરવાનો છે. એટલે આ કઠણાઈઓમાંથી પસાર થવું પડશે. જંગલી મન એટલું ચંચળ છે, એટલું ચપળ છે. કેવળ ઉપર ઉપરનું મન નહિ, ઊંડાણ સુધી મન કેટલું ચંચળ છે, કેટલું ચપળ છે. વાંદરાની જેમ આ મર્કટ મન ઝાડની એક શાખા છોડે છે, બીજી પકડે છે. એક છોડે છે તો બીજી પકડે છે. કેટલું બેચેન છે. ભીતર સુધી કેટલું અશાંત છે. કેટલું વ્યાકુળ છે. એને પોતાના વશમાં કરવું છે. જંગલી છે તો બહુ ધીરજથી, બહુ ધીરજથી કામ કરવાનું હોય છે.

જેમ કોઈ જંગલી જાનવર હોય અને એને પાળેલું બનાવવાનું છે, કોઈ જંગલી પાડો છે કે કોઈ જંગલી હાથી છે. સમજદાર અનુભવી માણસ જ્યારે એને વશમાં કરવાનું કામ કરે છે તો બહુ ધીરજ સાથે, બહુ ધીરજ સાથે અને નિરંતરતા સાથે કામ કરે છે. ઘેર બેઠા એ નિરંતરતા નહીં આવે અને ધીરજ પણ નહીં રાખી શકે કેમ કે ત્યાં કોઈ માર્ગદર્શક નથી તો આવી તપોભૂમિઓમાં આવીને જ્યારે કામ કરીશું, જ્યાં પરિસ્થિતિઓ એવી હશે કે કામ કર્યે જઈએ છીએ, કર્યે જઈએ છીએ. બાધાઓ આવી રહી છે, છતાં ય પ્રયત્ન કર્યે જઈએ છીએ. બાધાઓ આવી રહી છે, પ્રયત્ન કર્યે જઈએ છીએ. આમ કરતાં કરતાં મનને પાળેલું બનાવવાનું શરૂ કરી દઈશું. તો કહ્યું, જેમ જંગલી પાડાને પાળેલો બનાવવાવાળી વ્યક્તિ, જંગલી હાથીને પાળેલો બનાવવાવાળી વ્યક્તિ બહુ ધીરજથી કામ કરે છે અને કર્યે જ જાય છે, કર્યે જ જાય છે ત્યારે સફળતા મળે છે. કેમ કે કામ શરૂ કરતાં જ જંગલી પશુ પાળેલું નથી બની જતું.

કામ શરૂ કરતાં જ આપણું મન એકદમ એકાગ્ર થઇ ગયું અને વિકારોથી વિહીન થઇ ગયું, એવું નથી થઇ શકતું. વારંવાર મન ભટકશે અને ભટકશે તો રાગ-રંજિત થશે, દ્વેષ-દૂષિત થશે. જો સાધક આ વાતને લઇને વધુ વ્યાકુળ થતો જશે કે અરે મારું (તે) કેવું મન, કેટલું રાગ-રંજિત છે, કેટલું દ્વેષ-દૂષિત છે! આ વર્તમાનમાં તો ટકતું જ નથી. અમારા માર્ગદર્શક કહે છે, વર્તમાનમાં જીવવાનું છે અને આ તો વર્તમાનમાં જીવતું જ નથી. વ્યાકુળ ને વ્યાકુળ જ, વ્યાકુળ ને વ્યાકુળ જ. અરે, તો સમતા ખોઇ દેશોને ! સમતોલન ખોઇ દેશોને ! ધીરજ ખોઇ દેશો તો કેમ કામ થશે ? બહુ ધીરજથી કામ કરવું પડશે !

ભટકે છે તો સ્વીકાર કરીએ છીએ, ભટકી ગયું. રાગરંજિત થાય છે તો સ્વીકાર કરીએ છીએ રાગરંજિત થઇ ગયું. આ ક્ષણે રાગરંજિત છે, આ ક્ષણે દ્વેષદૂષિત છે. આમ સાક્ષીભાવથી, તટસ્થભાવથી જેવું છે, એવું છે એને જાણી રહ્યા છીએ. કેવળ દ્રષ્ટાભાવ, સાક્ષીભાવ. ભોકતાભાવ બિલકુલ નહીં. ભોકતાભાવ અને કર્તાભાવની બહાર નીકળીને, એટલે કે કર્તા ય નહીં ને ભોકતા ય નહીં, કેવળ દ્રષ્ટા. કેવળ જોઇ રહ્યો છું, જાણી રહ્યો છું. શરીર અને ચિત્તને લઇને આ ઘટના ઘટી અને જાણી રહ્યો છું, જોઇ રહ્યો છું- અહીંથી કામ શરૂ થાય છે. બહુ આગળની અવસ્થાઓ તો એવી આવશે કે જયાં આ 'છું' પણ નીકળી જશે, 'હું' પણ નીકળી જશે. જણાઇ રહ્યું છે, દેખાઇ રહ્યું છે ઘટના ઘટી રહી છે અને દેખાઇ રહી છે, જણાઇ રહી છે દ્રષ્ટા પણ સમાપ્ત, 'દ્રષ્ટા દ્રશીમાત્ર.'

વિપશ્યનાનો મોટો પ્રભાવ છે ત્યારે તો પતંજલિ કહે છે, 'દ્રષ્ટા દ્રશીમાત્ર' કેવળ દર્શન રહી ગયું તો ચિત્ત વિશુદ્ધ થયું. પણ હજુ જડમૂળ સુધી નથી થયું. ઘણું શુદ્ધ થઇ ગયું તો પણ વિશુદ્ધોઽપિ પ્રત્યયાનુપશ્યઃ હજુ વિપશ્યના ચાલુ રાખવાની છે. આ આગળની અવસ્થાઓ છે. પ્રત્યય શું છે? આ અવસ્થાનો પણ પ્રત્યય શો છે ? કારણ શું છે ? એક વૈજ્ઞાનિકની માફક સંશોધન કરવાનું છે. તો કોઇ પ્રકારનો લેપ નહીં લાગવા દઇએ. યથાભૂત, જેવું છે તેવું છે એને દેખતાં જઇશું, દેખતાં જઇશું. બાધાઓ આવી રહી છે, એ બાધાઓને પણ દ્દષ્ટાભાવથી જોઇ રહ્યાં છીએ, સાક્ષીભાવથી જોઇ રહ્યા છીએ. આગળ જઇને જયારે આ દ્દષ્ટાભાવ, સાક્ષીભાવ પણ સમાપ્ત થઇ જાય ત્યારે કેવળ દર્શન, કેવળ જ્ઞાન, કેવળ દર્શન, કેવળ જ્ઞાન રહી જાય. કેવળ જાણવાનું છે અને સમજવાનું છે, કેવળ જાણવાનું છે અને સમજવાનું છે. કેવળ દર્શન, કેવળ જ્ઞાન- આ જ સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન છે. આ જ કૈવલ્યજ્ઞાન સુધી પહોંચાડી દે છે.

આરંભમાં તો હજારો કઠણાઇઓની વચમાં થઇને પસાર થવું પડે છે. જંગલી હાથી, એને વશમાં કરવાનો છે. જંગલી પાડો, એને વશમાં કરવાનો છે. પાળેલો બનાવવાનો છે તો બહુ ધીરજની સાથે કામ કરતાં કરતાં એ જ જંગલી પાડો, એ જ જંગલી હાથી જયારે પાળેલો બની ગયો તો આપણો મોટો સેવક બની ગયો. જયાં સુધી જંગલી હતો અને એણે મનુષ્ય સમાજમાં પ્રવેશ કર્યો તો ખળભળાટ મચાવી દીધો. કેટલી મોટી હાનિ કરી. પરંતુ એ જ જયારે પાળેલો બની ગયો તો એ જંગલી પાડાનું પૂરેપૂરું બળ, એ હાથીનું પૂરેપૂરું બળ આપણી સેવામાં લાગી ગયું. આપણે એનો ઉપયોગ કરવા લાગ્યાં.

બરાબર આ જ પ્રકારે આ જંગલી મન, એને પાળેલું બનાવવાનું છે. પાળેલું બની જશે તો એનું બળ, અરે, મનના બળનું તો શું કહેવું ? હજાર હાથીઓના બળથી પણ વધુ બળવાન! હાનિ કરે છે તો હજાર હાથીઓના બળથી પણ વધુ હાનિ કરે છે અને એ જ જયારે પાળેલું બની જશે તો એટલી જ મોટી સેવા કરવા લાગશે, એટલું જ મોટું કલ્યાણ કરવા લાગશે. અતઃ બહુ ધીરજથી કામ કરવું પડશે, બહુ ધીરજથી.

સાધકે એક વાત સમજી લેવાની હોય છે કે કામ મારે સ્વયં કરવું પડશે, મારી જવાબદારી છે. આ કોઇ અહંકારની વાત નથી. કયારેક, ભારતમાંથી લુપ્ત થયેલી આ વિપશ્યના વિદ્યાને સારી રીતે ન સમજવાને કારણે, અણસમજથી કેટલાક લોકો આલોચના કરી દે છે કે હું મને પોતાને મુક્ત કરીશ. હું મારો મેલ કાઢીશ! તો આ તો અહંકાર વધારવાની વાત થઇ ? અને નહીં, ભાઇ, નહીં. આ સાધના તો આપણને એ અવસ્થા સુધી પહોંચાડી દેશે જયાં આત્મભાવ બધો પીગળી જશે. અનાત્મભાવ ને અનાત્મભાવ જ. 'હું' નહીં, 'મારૂં' નહીં, અહંકાર, મમત બધો સમાપ્ત થઇ જશે. તો અહંકારની વાત નથી. બલ્કે જવાબદારીની વાત છે. રોજ સવારે નહાઓ છોને ? કેમ નહાઓ છો? શરીર મેલું થઇ ગયું. હું જવાબદાર છું, મેં મારું શરીર મેલું કર્યું. એની સફાઇ કરવાનું કામ મારે કરવું પડશે. કોઇ બીજું કેમ સફાઇ કરે ? રોજ સ્વયં નહાઉં છું ને ? અને નહાતાં નહાતાં અહંકાર નથી જગવતો. જો હું મારા શરીરને રોજ સાફ કરનારો ! કયાં અહંકાર જગાડે છે ? તારી જવાબદારી છે. મેલું થઇ ગયું તો રોગી થઇ ગયું. એને નીરોગી કરવું છે, હું સાફ કરું છું.

બરાબર આ જ પ્રકારે મન મેલું થઇ ગયું. મન મેલું કોણે કર્યું? મેં કર્યું. પોતાની અજ્ઞાન અવસ્થામાં કર્યું. પોતાની અબોધ અવસ્થામાં કર્યું. પોતાની અણસમજમાં કર્યું. કરી લીધું, મેલું થઇ ગયું. હવે એનો મેલ ઉતારવાનું કામ પણ મારું છે, મારી જવાબદારી છે, મારે જ કામ કરવું પડશે.

જયાં સુધી કોઇ બિચારો એ ભ્રમમાં પડયો રહે છે કે હું તો સાવ નકામો, હું તો બહુ પતિત, હું તો બહુ બળહીન! અરે, હું પોતાની જાતને કેમ મુક્ત કરી શકું ? કોઇની કૃપા થઇ જશે. કોઇની અનુકંપા થઇ જશે અને એ મને કૃપા કરીને તારી દેશે. તો ભાઇ વિચારવું જોઇએ ને ! એ તારવાવાળો તને જ કેમ તારી દેશે રે ! તારામાં શી વિશેષતા છે કે તને તારી દેશે? કેમ કે તું બહુ જૂઠી પ્રશંસા, જૂઠી ખુશામત કરવામાં પ્રવીણ થઇ ગયો એટલે તને તારી દેશે? અરે, વિચારીને જો ભાઇ ! તારવાવાળો તને જ કેમ તારે ? આખો સંસાર કેટલો દુઃખિયારો છે ? નથી તારતોને ? તો સ્પષ્ટ છે, હરેક વ્યકિતએ સ્વયં તરવું પડશે. હર વ્યકિતએ પોતાના વિકારોને સ્વયં દૂર કરવા પડશે. હર વ્યકિતએ પોતાની ભીતર સ્વયં ગાંઠો બાંધી છે અને સ્વયં ખોલવી પડશે.

કોઇ બહુ પ્રેમથી આપણને રસ્તો બતાડી દેશે. જે આ રસ્તા પર ચાલીને મુકત અવસ્થા સુધી પહોંચ્યો છે તે રસ્તો બતાવી દેશે. ચાલવું તો આપણે જ પડશે, ડગલું- ડગલું આખો રસ્તો આપણે સ્વયં ચાલીને પાર કરવો પડશે. કોઇ બહુ પ્રેમથી પ્રારંભિક અવસ્થાઓમાં કહેશે, અચ્છા, મારી આંગળી પકડીને ચાલ. તો બાળકની માફક સાથે સાથે થોડુંક ચાલશે, પણ ચાલવાનું તો સ્વયં જ છે. કોઇ ખભા પર બેસાડીને આપણને અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડી દેશે, એ ભ્રાંતિથી જેટલા જલ્દી દૂર થઇ જઇએ એટલું સારૂં. અંતર્મનના ઊંડાણની ગાંઠો આપણે બાંધી. કઇ અદ્રશ્ય શકિતને પડી હતી કે દુનિયાનાં બધાં પ્રાણીઓના મનમાં વિકાર પેદા કરી દે, દુનિયાનાં બધાં પ્રાણીઓનાં મનમાં ગાંઠો બાંધી દે, દુનિયાનાં બધાં પ્રાણીઓને દુઃખિયારાં કરી દે ? અરે કોણ એવું કરે? શાને કરે? જયારે ગાંઠો આપણે બાંધી, વિકાર આપણે સંચિત કર્યા તો ખોલવા પણ આપણે જ પડશે. આપણા વિકારોની સફાઇ આપણે કરવી પડશે. કોઇ રસ્તો બતાવશે, બહુ પ્રેમથી બતાવશે.

ભગવાન બુદ્ધ કહે છે तुम्हेहि किच्चं आतप्पं, अक्खातारो तथागता – કામ તારે કરવું પડશે, તપવું તારે પડશે. કોઈ તથાગત હશે તો માર્ગ આખ્યાત કરી દેશે, માર્ગ દેખાડી દેશે કેમ કે સ્વયં આ માર્ગ પર ચાલ્યો છે. તથાગત એટલે તથતાના સહારે, સત્યના સહારે ચાલતાં-ચાલતાં તથાગત બની ગયો, કરૂણાથી ભરાઈ ગયો. હવે બહુ પ્રેમથી લોકોને બતાવશે- તારી જવાબદારી છે ભાઈ. ચાલવું તારે પડશે, ચાલવું તારે પડશે. આ વાત જે વ્યકિતને જેટલી જલ્દી સમજમાં આવી જાય છે, એનું ભાગ્ય ખુલી જાય છે. મુક્તિનો રસ્તો પ્રાપ્ત થઈ જાય છે. જયાં સુધી એ આશામાં બેસી રહે છે કે હું તો બહુ નકામો, બીજું કોઈ તારી દેશે, બીજું કોઈ તારી દેશે, કોઈની કૃપા થઈ જશે તો ભાઈ, આ રસ્તો (વિપશ્યનાનો રસ્તો) આવા ચિંતનને અનુકૂળ નથી. સ્વયં ચાલીશ. કઠણાઈઓ આવશે, પડી જઈશ. ઘૂંટણ ખંખેરીને ફરી ઊભો થઈ જઈશ. ફરી ચાલીશ. આમ ચાલતાં ચાલતાં મુક્ત અવસ્થા સુધી પહોંચવું છે.

ભગવાન બુદ્ધના જીવનકાળની એક ઘટના - એ દિવસોમાં તેઓ શ્રાવસ્તીમાં રહેતા હતા. એ દિવસોની ભારતની સૌથી મોટી વસ્તીવાળી નગરી, કૌશલ પ્રદેશની રાજનગરી. ત્યાં એમનું ધ્યાનકેન્દ્ર. અનેક ભિક્ષુ-ભિક્ષુણીઓ અને નગરમાંથી ગૃહસ્થો નારી-નારીઓ આવીને ભગવાનના પ્રવચન સાંભળે, એમનો નિર્દેશ સાંભળે અને ત્યાં ધ્યાન શીખે. ભગવાન પ્રવચન કરતાં. કેટલાક લોકો એવા હતા જે કેવળ પ્રવચનોનો મોદ (આનંદ) લેતાં. કામ - બામ ન કરતાં. આવી જ એક વ્યકિત એક દિવસ જરા જલ્દી આવી ગઈ. એ વખતે ગિરદી નહોતી, કોઈ નહોતું. ભગવાન એકલા બેઠા હતા. (એ) બહુ પ્રસન્ન થયો. મહારાજ, એક પ્રશ્ન વારંવાર, વારંવાર મારા મનમાં ઊઠે છે અને લોકો હોય છે તો સંકોચ થાય છે, કેમ પૂછું ? સારું થયું, આજે આપ એકલા છો. આજ્ઞા હોય તો પૂછી લઉં ? ભગવાને કહ્યું કે અરે, ધર્મના ક્ષેત્રમાં કોઈ શંકા રાખવી નહીં જોઈએ, કોઈ શંકા હોય તો એનું નિવારણ કરી લેવું જોઈએ. પૂછ. તારા મનમાં શો પ્રશ્ન છે ? તો કહે છે મહારાજ, આટલા લોકો આપની પાસે આવે છે. હું જોઉં છું કે એમાંથી કોઈ -કોઈ તો સાચેસાચ મુક્ત થઈ ગયો, એકદમ મુક્ત થઈ ગયો, અરહંત થઈ ગયો. જીવનમુક્ત થઈ ગયો. એમાંથી કેટલાયે એવા છે જેમના જીવનમાં બહુ મોટું પરિવર્તન આવી ગયું, બહુ સુધારો થયો. પૂરી રીતે મુકત નથી થયા. હજુ અને મહારાજ, કેટલાક એવા પણ છે, જેમ હું છું, કોઈ ફરક ન પડયો મહારાજ ! એવો ને એવો જ. તો આવું કેમ થાય છે મહારાજ? આપ જેવા મહાકારુણિક-ની પાસે કોઈ આવે, આપ જેવા મહાન શકિતશાળીની પાસે કોઈ આવે, આપના શરણે આવે, ને કોરો રહી જાય ? આપના શરણે આવે ને અધૂરો રહી જાય ? આ કેવી વાત ? આપ પોતાનું બધું બળ લગાડીને, પોતાની બધી કરૂણાના બળ પર અમને બધાને તારી કેમ નથી દેતાં ?

ભગવાને સ્મિત કર્યું, અરે આ જ વાત તો રોજ સમજાવીએ છીએ. પણ કોઈ સમજવા જ ન માગે તો શું કરીએ ? તો પાછી સમજાવવાની કોશિષ કરી, એમની સમજાવવાની અલગ અલગ રીતો હતી. કયારેક પ્રશ્ન પૂછનારને પ્રતિ-પ્રશ્ન પૂછીને સમજાવતા, તો આને પણ પ્રતિ-પ્રશ્ન કર્યો, અરે ભાઈ, કયાંના રહેવાસી છો ? મહારાજ, અહીં શ્રાવસ્તીનો. અરે નહીં, તારો ચહેરોમહોરો કહે છે કે, તારી બોલી કહે છે કે તું અહીંનો નથી. તું કોઈ બીજા પ્રદેશનો, અહીં આવીને વસી ગયો છે. આ તો ઠીક કહ્યું, મહારાજ, હું આમ તો મગધનો છું, રાજગિરિનો છું. વરસોથી અહીં આવીને વસી ગયો. અચ્છા, અહીં આવીને વસી ગયો તો હવે મગધ સાથે તારા સંબંધો તૂટી ગયા બધા ? રાજગિરિ આવવા- જવાનું નથી થતું તારે ? મહારાજ, હજુ તો અમારા પરિવારના લોકો ત્યાં છે. અમારા અનેક સંબંધી ત્યાં છે. અમારો વ્યાપાર ત્યાં છે. બહુ વાર જવાનું થાય છે મહારાજ! શ્રાવસ્તીથી રાજગિરિ, રાજગિરિથી શ્રાવસ્તી બહુ વાર આવું-જાઉં છું, આટલી વાર આવે જાય છે તો આ રસ્તો તું સારી રીતે જાણી ગયો હોઈશ. અરે મહારાજ, શું કહેવું ? એટલીવાર ચાલ્યો છું ! ખૂબ જાણી ગયો છું, તો એક વાત હજુ કહે, આ નગરમાં વસ્યાને આટલાં વર્ષો થઈ ગયાં, અનેક મિત્રો થઈ ગયા હશે તારા. એમાંથી કોઈક અંતરંગ મિત્રો થઈ ગયા હશે. એમાંથી કોઈ આ વાતને પણ જાણતું હશે કે તું મૂળ તો રાજગિરિનો રહેવાસી છો અને એ પણ જાણતો હશે કે અહીંથી રાજગિરિ, રાજગિરિથી અહીં વારંવાર આવે જાય છે. એ પણ જાણતો હશે કે તને આ રસ્તો બહુ સારી રીતે માલૂમ છે ? મહારાજ, કેટલાય લોકો એવા છે જે ખૂબ જાણે છે આ વાતને. એમાંના કોઈ કોઈ કયારેક તને પૂછતા હશે કે બતાવો ભાઈ, આ શ્રાવસ્તીથી રાજગિરિનો રસ્તો કેવો છે? તો તું છુપાવે છે કે બતાવી દે છે ? મહારાજ, એમાં છુપાવવાની શી વાત ? બહુ પ્રેમથી સમજાવી દઉં છું, આવો રસ્તો છે, અહીંથી પૂર્વ તરફ જાઓ, વારાણસી આવશે અને આગળ વધતા જાઓ આમ આગળ વધો, આમ આગળ વધો, ગયા આવશે, પછી આગળ ચાલો. આ તરફ આગળ વધો, પેલી તરફ આગળ વધો, રાજગિરિ આવી જશે. તો બતાવ, જેને જેને તેં આ સમજાવ્યું તે તો રાજગિરિ પહોંચી ગયો હશેને ?

અરે, મહારાજ, કેવી રીતે પહોંચી ગયો હશે? કોઈ ચાલ્યો હોય તો પહોંચેને? તો સમજ, ભાઈ, હું પણ એ જ કહું છું, આટલા લોકો મારી પાસે આવે છે, તેઓ ખૂબ જાણે છે કે આ માણસને અહીંથી મુક્તિ સુધીનો રસ્તો એકદમ ખબર છે. કેમ કે બહુ ચાલ્યો છે એના પર. તો બિચારા પૂછે છે. હું શું છુપાવું ? બહુ પ્રેમથી એમને સમજાવી દઉં છું, આ રસ્તો છે. આમ ચાલો, આમ ચાલો. રસ્તામાં આ સ્ટેશન આવશે, આવા અનુભવ થશે. આગળ આ સ્ટેશન આવશે એવા અનુભવ થશે. આમ થતાં થતાં મુક્ત અવસ્થા સુધી પહોંચી જશો. ઈન્દ્રિયાતીત પરમ સત્યનો સાક્ષાત્કાર કરી લેશો. ખૂબ સમજાવી દઉં છું, પણ કોઈ સાંભળી લે અને સાંભળીને બહુ પ્રસન્ન ચિત્તથી ત્રણ વાર નમીને કહે-સાધુ, સાધુ, સાધુ ! મહારાજ, બહુ સરસ સમજાવ્યું આપે પણ ચાલતો નથી એકેય ડગલું ! તો કેમ પહોંચી જશે રે ! અને કોઈ ચાલવા લાગ્યું. દસ ડગલાં ચાલ્યું તો પોતાના લક્ષ્યથી દસ ડગલાં નજીક પહોંચી ગયુંને ? સો ડગલાં ચાલ્યું તો સો ડગલાં નજીક પહોંચી ગયું, અને ડગલે ડગલે રસ્તો માપી લીધો તો લક્ષ્ય સુધી પહોંચી ગયુંને? ચાલવું તો સ્વયં પડે.

જે વ્યકિત આ સચ્ચાઈને જેટલી જલ્દી સમજી જાય છે કે આખો રસ્તો મારે જ કાપવાનો છે, જે મેલ મેં અંદર એકઠા કર્યા છે એને મારે જ કાઢવાના છે. ભીતર જે ગાંઠો બાંધી છે, એ મારે જ ખોલવાની છે. આ રીત મળી ગઈ, આ રસ્તો મળી ગયો, આ વિધિ મળી ગઈ, આ સાધના મળી ગઈ. હવે તો કામ જ કરવાનું છે, કામ જ કરવાનું છે. જે જે મુક્તિના માર્ગ પર ચાલવા લાગ્યા એટલે કે શુદ્ધ ધર્મના માર્ગ પર ચાલવા લાગ્યા, તેઓ ચિત્તવિશુદ્ધિના માર્ગ પર ચાલવા લાગ્યા, વિમુક્તિના માર્ગ પર ચાલવા લાગ્યા, મંગલ થાય છે. બહુ મંગલ થાય છે. કલ્યાણ થાય છે, બહુ કલ્યાણ થાય છે, સ્વસ્તિ-મુકિત થાય છે. મોટી સ્વસ્તિ-મુક્તિ થાય છે. ધર્મના પથ પર, શુદ્ધ ધર્મના પથ પર જે ચાલે તેનું મંગલ ને મંગલ જ. કલ્યાણ ને કલ્યાણ જ. સ્વસ્તિ ને સ્વસ્તિ જ, મુક્તિ ને મુક્તિ જ.

**કલ્યાણમિત્ર, સત્યનારાયણ ગોયન્કા.**

## શિબિર કાર્યક્રમ

| | ધમ્મસિન્ધુ (બાડા) | ધમ્મકોટ (રાજકોટ) | ધમ્મપીઠ (અમદાવાદ) | ધમ્મદિવાકર (મહેસાણા) |
|---|---|---|---|---|
| દશ દિવસીય | 15/04 - 26/04<br>(મ.) 29/04 - 14/05<br>(પુ.) 13/05 - 24/05 | 04/04 - 15/04<br>18/04 - 29/04<br>02/05 - 13/05 | 18/04 - 29/04<br>16/05 - 27/05<br>16/06 - 27/06 | 18/04 - 29/04<br>16/05 - 27/05<br>06/06 - 17/06 |
| સતિપટ્ઠાન | 27/05 - 04/06 | 04/05 - 12/05 | 07/04 - 15/04 | 07/07 - 15/07 |
| ૩ દિવસીય | - | - | 10/08 - 12/08 | 29/06 - 01/07 |
| ૨૦/૩૦ દિવસીય | 08/07 - 29/07 | - | - | - |
| ૧ દિવસીય | દર મહિનાના પહેલા રવિવારે | | | ચોથા રવિવારે |

**STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS ABOUT NEWSPAPER VIPASSANA MONTHLY (GUJARATI) AS REQUIRED TO BE PUBLISHED UNDER RULE 8 OF REGISTRATION OF NEWSPAPERS (CENTRAL RULES, 1956.) FORM - IV (SEE RULES 8)**

1. **Place of Publication** — Saurashtra Vipassana Research Centre, 3-A, Pramukhswami Arcade, Malaviya Chowk, Rajkot - 360 001.
2. **Periodicity of its Publication** — **Monthly**
3. **Printer's Name** — **Mr. Chandubhai G. Mehta. (on behalf of Saurashtra Vipassana Research Centre)**
   **Whether citizen of India ?** — Yes
   **Address** — Saurashtra Vipassana Research Centre, 3-A, Pramukhswami Arcade, Malaviya Chowk, Rajkot - 360 001.
4. **Publisher's Name** — **Mr. Chandubhai G. Mehta**
   **Whether citizen of India ?** — Yes
   **Address** — Saurashtra Vipassana Research Centre, 3-A, Pramukhswami Arcade, Malaviya Chowk, Rajkot - 360 001.
5. **Editor** — **Mr. Bharat S. Kapadia**
   **Whether citizen of India ?** — Yes
   **Address** — Saurashtra Vipassana Research Centre, 3-A, Pramukhswami Arcade, Malaviya Chowk, Rajkot - 360 001.
6. **Names and address of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent.** — **Saurashtra Vipassana Research Centre, 3-A, Pramukhswami Arcade, Malaviya Chowk, Rajkot - 360 001.**

I Chandubhai G. Mehta, hereby declare that the particulars given above are true to best of my knowledge and belief

Date : 28 - 02 - 2007
RAJKOT

Sd-
Chandubhai G. Mehta
Publisher & Printer

- **ધમ્મસિંધુ - માંડવી (કચ્છ) :** કચ્છ વિપશ્યના કેન્દ્ર, ગામ-બાડા, તા. માંડવી-૩૭૦૪૭૫. ફોન : ૦૨૮૩૪-૨૭૩૬૧૨, ૦૨૮૩૨-૨૫૨૧૮
- **ધમ્મકોટ-રાજકોટ :** સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર, કોઠારિયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨. ફોન : ૦૨૮૧-૨૭૮૨૦૪૦, ૯૩૨૭૯ ૨૩૫૪૦
- **ધમ્મપીઠ - અમદાવાદ :** ગુર્જર વિપશ્યના કેન્દ્ર, ગામ : રનોડા, તા. ધોળકા, જિ.અમદાવાદ-૩૮૭૮૧૦ ફોન : ૦૨૭૧૪-૨૨૨૪૭૩, ૦૭૯-૨૨૧૭૧૧૭૮
- **ધમ્મ દિવાકર -** મહેસાણા : ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર, ગામ : મિઠા તા. જિ. : મહેસાણા. ફોન : ૦૨૭૬૨-૨૭૨૮૦૦, ૨૫૪૬૩૪.

## દોહા ધરમના

અપને અપને કર્મ પર, અપના હી અધિકાર ।
સ્વયં બનાવે કર્મ પથ, સ્વયં મિટાવન હાર ॥
તૂ હી બ્રહ્મા વિષ્ણુ હૈ, મહાકાલ વિકરાલ ।
તેરે ચરણોં મેં પડે, સ્વર્ગ, ધરા, પાતાલ ॥
તૂ હી તેરા ઈશ હૈ, તૂ તેરા ભરતાર ।
અપની દુર્ગતિ સુગતિ કા તૂ હી તો કરતાર ।

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે

## દોહા ધરમના

કિસકી પૂજા અર્ચના? કિસસે તૂ ભયભીત ।
તૂ હી તેરા શત્રુ હૈ, તૂ હી તેરા મીત ।
સુખ દુઃખ અપને કર્મકે, અવિચલ વિશ્વ વિધાન ।
તૂ તેરા યમરાજ હૈ, તૂ તારક ભગવાન ॥
પ્રલયંકારી બાઢ મેં, તૂ હી તેરા દ્વીપ ।
અંધકારમય રાત મેં, તૂ હી તેરા દીપ ।

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાનઃ નાઈસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફીસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના ૩ માર્ચ, ૨૦૦૭

આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | | |
|---|---|---|
| ચાર વર્ષનું લવાજમ | : | રૂ. ૧૦૦/- |
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૩૦/- |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org